# નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ
ગુજરાત રાજય,ગાંધીનગર
સેકટરનં.૧૦/એ,સેંટ જેવિયર્સ સ્કુલ સામે,ગાંધીનગર

નં.સુરત/સુચિત/નરયોનં. ૮૬(સરથાણા–ભીમરાડ–ખજોદ)/પરામર્શ/દ.ગુ/ ૨૬૮

પ્રતિ,
કમિશ્નરશ્રી,
સુરત મહાનગરપાલીકા,
સુરત

વિષયઃ-- ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ --૧૯૭૬ ની કલમ– ૪૧(૧) હેઠળ સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૮૬(સરથાણા–ભીમરાડ–ખજોદ) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને અનુમોદન આપવા બાબત.

સંદર્ભઃ-- આપશ્રીના તા-- ૨૯/૪/૨૦૧૩ ના પત્ર નં.ટીપીડી/૭૬૮.

ઉપરોકત વિષયાન્વયે આપશ્રી દવારા સંદર્ભ તળેના પત્રથી , ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ –૧૯૭૬ ની કલમ– ૪૧(૧) હેઠળ સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૮૬(સરથાણા--ભીમરાડ– ખજોદ) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને અનુમોદન આપવા બાબત પાઠવેલ દરખાસ્ત અન્વયે પ્રસ્તુત સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૮૬(સરથાણા--ભીમરાડ–ખજોદ) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ –૧૯૭૬ ની કલમ– ૪૧(૧) હેઠળ નીચેની શરતોને આધીન પરામર્શ આપવામાં આવે છે.

૧. અત્રેના પરામર્શ માટે પાઠવેલ નકશામાં દર્શાવેલ ટી–૧૫(ટ્રાન્સપોર્ટ ગોડાઉન તથા માર્કેટયાર્ડ)(એસ.એમ.સી.)ના હેતુ માટે અનામત રખાયેલ જમીનો,૬૦.૦ મી.રોડ તથા વાણિજયહેતુ વિષયક જમીનો ( 'હેઝ' માર્ક કરેલ જમીનો) સૂચિત યોજના હદ વિસ્તારમાંથી બાકાત રાખવાની રહેશે.
૨. યોજનામાં આવતા હયાત જળપ્રવાહો યથાવત રાખવાના રહેશે.
૩. સુડાની મંજુર અને અમલી વિકાસ યોજનાની દરખાસ્તો યોજનામાં યથાવત રાખવાની રહેશે.
૪. યોજના વિસ્તારમાં સમાવિષ્ટ જે તે ગામની મુળખંડોની જમીનોને તે જ ગામની જમીનોમાં જ અંતિમખંડ ફાળવવાનો રહેશે.
૫. યોજનામાં સમાવિષ્ટ જમીનોના સત્તાપ્રકારનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરી સરકારશ્રીનું હિત જાળવવાનું રહેશે.
૬. યોજનામાં સમાવિષ્ટ ફાજલ જમીનોને અલગ અંતિમખંડ ફાળવવાનો રહેશે.
૭. યોજનામાં સમાવિષ્ટ જે તે ઝોનમાં આવતી જમીનોને તે જ ઝોનની જમીનોમાં અંતિમખંડ ફાળવવાનો રહેશે.
૮. ગામતળના હયાત રસ્તાઓને બાધ ન આવે તે મુજબ યોજનામાં રસ્તાઓનુ આયોજન કરવાનુ રહેશે.